**મોતના ખાડા |** નડિયાદના પીજ ભાગોળમાં એકનો ભોગ લેવાયા બાદ પણ તંત્રની આંખ ન ઊઘડી

# નડિયાદમાં એસી ચેમ્બરમાં રોડ સેફ્ટીની વાતો વચ્ચે રસ્તા પર ખાડાનું સામ્રાજ્ય

**ડભાણ** હાઈવે પર બસનું ટાયર ખૂંપી જાય તેવો ખાડો

(પ્રતિનિધિ) નડિયાદ તા.31

નડિયાદ શહેરમાં નેશનલ હાઈવેથી લઈને શહેરના આંતરિક માર્ગો પર ઠેકઠેકાણે ખાડાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. સ્મૂધ રોડ પર અચાનક આવતા આ ખાડાઓને કારણે હજારો વાહનચાલકો પછડાઈ રહ્યા છે અને નાની-મોટી ઈજાઓનો ભોગ બની રહ્યા છે. નવાઈની વાત એ છે કે, ચાર દિવસ પહેલા જ પીજ ભાગોળમાં આરસીસી રોડ પરના ખાડામાં પટકાવવાથી એક વ્યક્તિનું મોત નીપજ્યું હોવા છતાં જવાબદાર તંત્રનું પેટનું પાણી હલતું નથી.

નડિયાદમાં રોડ સેફ્ટીની વાતો માત્ર કાગળ પર અને એસી ચેમ્બરની બેઠકો પૂરતી મર્યાદિત રહી હોવાનો રોષ નાગરિકો ઠાલવી રહ્યા છે. શહેરના પોશ અને વ્યસ્ત ગણાતા વિસ્તારોમાં ઉપરાંત હાઈવે પર પણ ખાડાઓએ માજા મૂકી છે. મિશન રોડ, જૂની જિલ્લા પંચાયત કચેરી પાસે, ખોડિયાર ગરનાળામાં અને ત્રિમૂર્તિ કોમ્પ્લેક્સ પાછળ ઠેકઠેકાણે ખાડાઓનું સામ્રાજ્ય છે. તંત્રએ પીજ ભાગોળમાં અકસ્માત બાદ યુદ્ધના ધોરણે એક ખાડો પૂરીને કામગીરી સમેટી લીધી છે, પરંતુ શહેરના અન્ય ભાગોમાં હજારો વાહનચાલકો દરરોજ જીવના જોખમે મુસાફરી કરવા મજબૂર બન્યા છે.

### ડભાણ સર્વિસ રોડ પર જીવલેણ ખાડાથી બસના રૂટ બદલ્યા

ડભાણ બસ સ્ટેન્ડ પાસે હાઈવેના સર્વિસ રોડ પર તો પરિસ્થિતિ અત્યંત ગંભીર છે. અહીં ડામર રોડ પર બે ખુરશીની પહોળાઈ જેટલો અને બસનું પોણા ભાગનું ટાયર ખૂંપી જાય તેટલો ઊંડો ખાડો પડ્યો છે. આ ખાડો ગમે ત્યારે કોઈનો જીવ લેશે તેવી ભીતિ સેવાઈ રહી છે.



હાઈવે ઓથોરિટી કે સ્થાનિક તંત્રએ આ ખાડાને વ્યવસ્થિત પૂરવાને બદલે માત્ર એક નાનકડું પ્લાસ્ટિકનું બેરિકેટ મૂકીને સંતોષ માની લીધો છે. આ જોખમી ખાડાને કારણે ખેડા તરફથી આવતી એસ.ટી. બસો ડભાણ સ્ટેન્ડનો ઢાળ ઉતરવાને બદલે સીધી હાઈવે પરથી પસાર થઈ જાય છે, જેના કારણે મુસાફરોને પણ હાલાકી ભોગવવી પડે છે.

## કપરૂપુર સીમમાં પુરુષની લાશ મળી


(પ્રતિનિધિ) નડિયાદ,તા.31

મહુધા તાલુકાના કપરૂપુર તાબે જગા બારૈયાની મુવાડી સીમમાં કણજના ઝાડની ડાળ સાથે શર્ટ બાંધી ગળે ફાંસો ખાધેલ પુરુષની લાશ લટકતી જોવા મળી હતી.આ બનાવની જાણ થતા મહુધા પોલીસ ઘટના સ્થળે દોડી ગયા હતા. આ લાશ કઠલાલના પોરડાનો કેલીયા પ્રવીણભાઈ પરમાર (ઉં.વ.આ.40) નો હોવાની ઓળખ થઈ હતી. આ પુરુષ અસ્થિર મગજનો હોય અવારનવાર ઘરેથી નીકળી જતો હોવાનું તેમજ આ પુરુષ ત્રણેક દિવસ પહેલા ઘરેથી નીકળી ગયો હતો.પત્ની અને ત્રણ સંતાનો ધરાવતા પુરુષે અસ્થિર મગજના કારણે કે અન્ય કોઈ કારણોસર આપઘાત કર્યો તે જાણવા મળેલ નથી. આ બનાવ અંગે નિલેશ સોઢાએ મહુધા પોલીસમાં જાણ કરતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે.

**મારૂતી યજ્ઞ , અન્નકૂટ દર્શન અને વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન**

# આણંદ: રોકડિયા હનુમાન મંદિરે હનુમાન જયંતિની ઉજવણી કરાશે

**ભક્તોને** દર્શનનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ



(પ્રતિનિધિ) આણંદ તા.31

આણંદ શહેરના મધ્યમાં આવેલા અને સ્વામિનારાયણ સંપ્રદાયના વડતાલ લક્ષ્મીનારાયણ દેવ ગાદી તાબાના ભવ્ય ગુલાબી પથ્થરથી શોભતા રોકડીયા હનુમાનજી મંદિરે આગામી ચૈત્ર સુદ-14, ગુરુવાર 2જી એપ્રિલ, 2026ના રોજ હનુમાન જયંતિ મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવશે.

આ મહોત્સવ વડતાલ ગાદીના પીઠાધીશ્વર આચાર્ય રાકેશપ્રસાદજી મહારાજની દિવ્ય ઉપસ્થિતિમાં અને મંદિરના મહંત ભક્તવત્સલદાસજીના આયોજન હેઠળ યોજાશે. આ અંગે હરિકૃષ્ણ પટેલના જણાવ્યા અનુસાર, મહોત્સવના દિવસે સવારે 4:30 કલાકે મંગળા આરતી થશે, ત્યારબાદ 6:30 થી 7:15 સુધી અભિષેક અને 7:45 કલાકે શણગાર આરતી કરવામાં આવશે.

વધુમાં, સવારે 8:30 કલાકે મારૂતી યજ્ઞનો પ્રારંભ થશે અને બપોરે 12:30 કલાકે અન્નકૂટ આરતીના દર્શન યોજાશે. સાંજે 6:00 કલાકે આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ તેમજ સંતોની ઉપસ્થિતિમાં યજ્ઞની પૂર્ણાહુતિ કરવામાં આવશે, જે દરમિયાન ભક્તોને આશીર્વચનનો લાભ પણ મળશે. રાત્રે 11:30 કલાકે શયન આરતી સાથે મહોત્સવની પૂર્ણાહુતિ થશે. આ પાવન પ્રસંગે આણંદ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના તમામ ભક્તોને દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### કપડવંજના મોટા હનુમાનજી મંદિરે હનુમાન જન્મોત્સવની ભવ્ય ઉજવણી થશે



કપડવંજ સ્થિત મોટા હનુમાનજી મંદિરના પૂજારી આકાશ પંકજભાઈ ભટ્ટના જણાવ્યા અનુસાર, આ શુભ દિવસે ભક્તો માટે સવારે 6થી રાત્રે 12 વાગ્યા સુધી દિવ્ય દર્શનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્યક્રમમાં સવારે 9-15 કલાકે નાના પટેલવાડાથી શોભાયાત્રા નીકળશે. બાદમાં મંદિરે ધ્વજારોહણ કરવામાં આવશે. સાંજે 5થી રાત્રે 11-30 કલાક સુધી ભવ્ય અન્નકૂટ ના દર્શન યોજાશે. આ ઉપરાંત, સવારે 9-30 કલાકે ધ્વજા આરતી, સાંજે 7-15 કલાકે મહાઆરતી અને રાત્રે ૧૧:૪૫ કલાકે વિશેષ આરતીનું આયોજન કરાયું છે.

### ખેડાના ખેડીયા હનુમાનજી મંદિરે પાદુકા પૂજન અને મહાઆરતી યોજાશે



ખેડાના સ્વયંભૂ ખેડીયા હનુમાનજી મંદિરે ચૈત્ર પૂનમે સવારે 9 કલાકે પાદુકા પૂજન અને બપોરે 12 કલાકે 108 દીપની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તો માટે સાંજે 5 થી રાત્રિના 8 વાગ્યા સુધી હનુમાનજી દાદાની વિશેષ ફૂલ મંડળીના દર્શનનો લ્હાવો રાખવામાં આવ્યો છે. આ ઉપરાંત, સોમનાથ મહાદેવ સ્થિત રોકડીયા હનુમાનજી મંદિરે સુંદરકાંડ પરિવાર દ્વારા સવારે 9 થી સાંજે 5 કલાક સુધી મારુતિ યજ્ઞનું આયોજન કરાયું છે.

### ખેડામાં મહાવીર જન્મ કલ્યાણકની ભવ્ય ઉજવણી કરાઈ



ખેડા સ્થિત જૈન મોટા દેરાસર ખાતે ભગવાન મહાવીરના જન્મ કલ્યાણક પર્વની શ્રદ્ધા અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર અવસરે સવારે દેરાસરથી એક ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન થયું હતું, જેમાં ભગવાન મહાવીર ચાંદીના રથમાં બિરાજમાન થયા હતા. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં જૈન ભાઈઓ અને બહેનો ભક્તિભાવપૂર્વક જોડાયા હતા. આ શોભાયાત્રાના સમાપન બાદ દેરાસરમાં પંચ કલ્યાણક પૂજા અને ત્યારબાદ સ્વામી વાત્સલ્યનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. સાંજ પક્ષે દેરાસરમાં સાધ્ય ભક્તિ અને આરતીના કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ભગવાન મહાવીરને મનોહર આંગી કરવામાં આવી હતી, જેના દર્શનનો લાભ લેવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. **તસવીર : પ્રજ્ઞેશ ભાવસાર.**

# રાસને રાષ્ટ્રીય ગામનો દરજ્જો આપવા માટે માંગ

**રાસ ગામના** પૂર્વ સરપંચ અને અગ્રણીઓની ટીમ વડાપ્રધાનને મળશે

(પ્રતિનિધિ) બોરસદ તા.31

બોરસદના રાસ ગામનુ આઝાદી ચળવળના સમયમાં મોટું યોગદાન રહ્યું છે. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન મહાત્મા ગાંધીએ યોજેલી દાંડી કૂચ વખતે રાસ ગામમાં સરદાર પટેલની ધરપકડ થતાં દેશભરમાં જાણીતું થયું હતું. રાસ ગામના સ્વાતંત્ર્ય સેનાનીઓએ દેશની આઝાદી માટે અંગ્રેજ શાસન સામે અસહકાર આંદોલન, ના કરવી લડત આપી હતી. આવું વિશેષ મહત્વ ધરાવતા રાસ ગામને રાષ્ટ્રીય ગામનો દરજ્જો આપવાની માંગ સાથે રાસ ગામનુ પ્રતિનિધિ મંડળ દિલ્હી પહોંચ્યું છે.

રાસ ગામના પૂર્વ સરપંચ અને એડવોકેટ ઠાકોરભાઈ પટેલની આગેવાનીમાં કુલ ચાર આગેવાનોનુ પ્રતિનિધિ મંડળ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ગુરુવારે બીજી એપ્રિલે રૂબરૂ મળવા માટે રાસ ગામથી આવેદનપત્ર લઈને દિલ્હી ગયું છે. જોકે દિલ્હી જતાં અગાઉ મુલાકાત માટેની જરૂરી તમામ પ્રકારની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી છે. જેમાં પોલીસ વેરિફિકેશન, ઓળખ સહિતના પુરાવાઓ રજૂ કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન કાર્યાલય દ્વારા રાસ ગામના પ્રતિનિધિ મંડળને મુલાકાત માટે બીજી એપ્રિલ ગુરુવારે પાર્લામેન્ટ હાઉસ ખાતે 10.30 કલાકે પહોંચવા માટે જણાવાયું છે. જોકે પ્રતિનિધિ મંડળ ગત 30 માર્ચે સાંજે રાસ ગામથી દિલ્હી જવા માટે રવાના થઈ ટ્રેન દ્વારા 31 મી સવારે દિલ્હી ખાતે પહોંચી ગયેલ છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### આણંદના શાલિગ્રામ ગ્રીન્સ ખાતે 'ફનફેર 2026'માં 800થી વધુ લોકો ઉમટી પડ્યાં

**આણંદ |** આણંદ-બાકરોલ સ્થિત શાલિગ્રામ ગ્રીન્સ ખાતે તાજેતરમાં 'ફનફેર 2026'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું, જેનો પ્રારંભ સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ નિરંજનભાઈ પટેલના હસ્તે થયું હતું. આ મેળામાં 20 જેટલા ફૂડ, લાઈફસ્ટાઈલ અને ગેમ્સના સ્ટોલ્સ દ્વારા આશરે 800 મહેમાનોએ વિવિધ વાનગીઓ અને મનોરંજક પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો હતો. બાળકો માટે ખાસ ફિઝિકલ ગેમ્સ અને રહેવાસીઓ માટે ટેલેન્ટ સ્ટેજ જેવી પ્રવૃત્તિઓ દ્વારા સમુદાયમાં એકતા અને ઉત્સાહનો સુંદર માહોલ જોવા મળ્યો હતો. સાંસ્કૃતિક સમિતિના નેજા હેઠળ કાર્યક્રમ યોજાયો હતો.



### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે નિ:શુલ્ક સુવર્ણપ્રાશન કેમ્પનો 104 બાળકોએ લાભ લીધો

**આણંદ |** આણંદ કૃષિ યુનિવર્સિટી અને એસ.જી.પટેલ આયુર્વેદ હોસ્પિટલના સંયુક્ત ઉપક્રમે યુનિવર્સિટીના હેલ્થ સેન્ટર ખાતે બાળકો માટે ખાસ સુવર્ણપ્રાશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલપતિ ડો.એન.આઇ. શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પમાં યુનિવર્સિટીના કર્મચારીઓ અને શ્રમિકોના 0 થી 15 વર્ષના કુલ 104 બાળકોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. નિયામક ડો. ડી.એચ. પટેલના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં આયુર્વેદ હોસ્પિટલના નિષ્ણાત સ્ટાફ દ્વારા નિ:શુલ્ક સેવાઓ પૂરી પાડવામાં આવી હતી. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય યુનિવર્સિટી વસાહતના બાળકોના સ્વાસ્થ્ય અને રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરવાનો રહ્યો હતો.




ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
**ગતિવિધિ**
**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**
આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### નડિયાદમાં 'પામ સંડે'ની શ્રદ્ધાભેર ઉજવણી: ખ્રિસ્તી સમુદાય દ્વારા તાડપત્ર સાથે ભવ્ય સરઘસ



**આણંદ |** આણંદ અને ખેડા જિલ્લા સહિત નડિયાદના વિવિધ ચર્ચોમાં ખ્રિસ્તી સમુદાય દ્વારા 'પામ સંડે' એટલે કે તાડપત્રના રવિવારની પરંપરાગત અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. મિશન રોડ સ્થિત ક્રાઇષ્ટ ધ કિંગ ચર્ચ ખાતે ધર્મજનોએ હાથમાં તાડપત્ર લઈ ગીતો ગાતા ભવ્ય સરઘસ કાઢ્યું હતું અને પ્રભુ ઈશુના યરૂસાલેમમાં વિજય પ્રવેશની યાદ તાજી કરી હતી. ફાધર જિમી ડાભી અને ફાધર જોસેફ અપ્પાઉએ આ દિવસનું મહત્વ સમજાવતા જણાવ્યું કે, ઈશુએ માનવ મુક્તિના સંઘર્ષ અને શાંતિના સંદેશ માટે આ દિવસે મૃત્યુયાત્રા ભણી વિજયી પ્રયાણ કર્યું હતું.

### આણંદમાં 'બડિંગ ઇનોવેટર્સ મીટઅપ'માં 150થી વધુ યુવા પ્રતિભાઓએ કૌશલ્ય દાખવ્યું

**આણંદ |** સરદાર પટેલ યુનિવર્સિટી, સીવીએમ અને કેસીજીના સંયુક્ત ઉપક્રમે વિકસિત ભારતના દ્રષ્ટિકોણ સાથે રાજ્યસ્તરીય 'બડિંગ ઇનોવેટર્સ મીટઅપ-2026' સ્પર્ધાનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓની 80 ટીમોના 150થી વધુ વિદ્યાર્થીઓએ આરોગ્ય, કૃષિ, આઈટી અને વિજ્ઞાન જેવા ક્ષેત્રોમાં પોતાના નવીન પ્રોજેક્ટ્સ અને મોડલ્સ રજૂ કર્યા હતા. નિષ્ણાત જ્યુરી સભ્યો દ્વારા કરવામાં આવેલા નિષ્પક્ષ મૂલ્યાંકન બાદ વિજેતા તથા રનરઅપ સહિત કુલ 19 ટીમોને મહાનુભાવોના હસ્તે પુરસ્કૃત કરવામાં આવી હતી.



### ચારુસેટમાં બ્લોકચેઈન અને વેબ 3.0 ટેક્નોલોજી પર ત્રિ-દિવસીય વર્કશોપ યોજાયો



**આણંદ |** ચાંગા સ્થિત ચારુસેટ સંલગ્ન CSPITના આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એન્ડ મશીન લર્નિંગ વિભાગ દ્વારા તાજેતરમાં 'વેબ 3.0 બ્લોકચેઈન અને DApp ડેવલપમેન્ટ' વિષય પર ત્રણ દિવસીય વર્કશોપ યોજાયો હતો. ગુજરાત સરકારના ડીએસટી અને ગુજકોસ્ટ દ્વારા પ્રાયોજિત આ કાર્યક્રમમાં બ્લોકચેઈન આર્કિટેક્ચર અને સ્માર્ટ કોન્ટ્રાક્ટ જેવા આધુનિક વિષયો પર ગહન માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. નિષ્ણાત વક્તાઓએ 39 જેટલા સહભાગીઓને ડી-સેન્ટ્રલાઈઝડ એપ્લિકેશનો વિકસાવવા માટેનું પ્રાયોગિક અને હેન્ડ્સ-ઓન નોલેજ પૂરું પાડ્યું હતું.


### ચરોતરના સંત કવિ છોટમની 214મી જન્મજયંતિની મલાતજ ખાતે ઉજવણી

**સોજિત્રા |** કવિ છોટમની 214મી જન્મજયંતિ નિમિત્તે પ્રતિમા પાસે ગામના અગ્રણીઓ, યુવાનો, ભાવિકો દ્વારા પૂજન અર્ચન સહિત ધાર્મિક કાર્યક્રમો મલાતજ ગામમા યોજાયા હતા. મધ્યકાળની પ્રાચિન ધર્મ પરંપરાને અર્વાચીનકાળ સાથે સમન્વય સાધનાર મલાતજના સંત કવિ છોટમે નવયુગની છડી પોકારી હતી. મધ્યયુગીન સંત પરંપરામાં ચરોતરના સંત સમુદાયમાં મલાતજના કવિ છોટમનું સ્થાન નોંધપાત્ર છે. સંત કવિ છોટમે પોતાના જીવનકાળમાં લગભગ 400 પદો, 35 જ્ઞાનકાવ્યો, 20 આખ્યાનો સહિત કુલ 41 જેટલા ગ્રંથો રચી ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન આપ્યું છે.



### મહીસાગર જિલ્લાના 9 પોલીસ ઇન્સ્પેક્ટરનો ભવ્ય વિદાય અને સન્માન સમારોહ યોજાયો

**લુણાવાડા |** લુણાવાડા ખાતે નાયબ પોલીસ અધિક્ષક કમલેશ વસાવાના અધ્યક્ષ સ્થાને જિલ્લા પોલીસ પરિવાર દ્વારા 9 પોલીસ ઇન્સ્પેક્ટર માટે ગરિમાપૂર્ણ વિદાય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડીવાયએસપીએ વિદાય લઈ રહેલા તમામ અધિકારીઓની ફરજનિષ્ઠા અને જિલ્લામાં કાયદો-વ્યવસ્થા જાળવવામાં તેમના મહત્વપૂર્ણ યોગદાનની ભારોભાર પ્રશંસા કરી હતી. આ કાર્યક્રમમાં સાથી કર્મચારીઓએ સંસ્મરણો વાગોળ્યા હતા અને તમામ 9 PI અધિકારીઓને પુષ્પગુચ્છ તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરી ભાવભીનું સન્માન કરવામાં આવ્યું હતું. મહીસાગર જિલ્લા પોલીસ પરિવારે વિદાય લેતા તમામ અધિકારીઓને તેમની નવી નિમણૂક અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



### આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય બેંકિંગને માન્યતા, યુરોમની પ્રાઇવેટ બેન્કિંગ એવોર્ડ્સ 2026માં બે પ્રતિષ્ઠિત સન્માન

**વડોદરા |** યુરોમની પ્રાઇવેટ બેન્કિંગ એવોર્ડ્સ 2026માં ભારતની અગ્રણી ખાનગી ક્ષેત્રની બેંક એચડીએફસી બેંકને 'ભારતની સૌથી સુરક્ષિત ખાનગી બેંક' તેમજ 'પ્રીમિયર બેન્કિંગ માટે ભારતની સર્વશ્રેષ્ઠ બેંક' તરીકે જાહેર કરવામાં આવી છે. આ એવોર્ડ્સ વૈશ્વિક સ્તરે ખાનગી બેન્કિંગ અને વેલ્થ મેનેજમેન્ટ ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત માનવામાં આવે છે. યુરોમનીના મૂલ્યાંકન મુજબ બેંકની મૂડી સ્થિતિસ્થાપકતા, જોખમ પ્રત્યેનો શિસ્તબદ્ધ અભિગમ અને મજબૂત સંસ્થાગત માળખાએ તેને સુરક્ષિત ખાનગી બેંક તરીકે વિશેષ સ્થાન અપાવ્યું છે. ઉપરાંત ઉત્પાદનોની વૈવિધ્યતા, ડિજિટલ ક્ષમતા અને માનવ સંસાધન વિકાસમાં સતત પ્રગતિના આધારે પ્રીમિયર બેન્કિંગ કેટેગરીમાં પણ બેંકને સર્વશ્રેષ્ઠ ગણાવવામાં આવી છે. બેંકના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે આ માન્યતા ગ્રાહકોના વિશ્વાસ અને ટીમની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે. ટેક્નોલોજી આધારિત સેવાઓ દ્વારા ગ્રાહકોને વ્યક્તિગત અનુભવ પૂરો પાડવાનો પ્રયાસ સતત આગળ વધારવામાં આવી રહ્યો છે. યુરોમનીના આ વાર્ષિક એવોર્ડ્સ છેલ્લા બે દાયકાથી વધુ સમયથી વૈશ્વિક સ્તરે શ્રેષ્ઠ ખાનગી બેંકોને વિવિધ કેટેગરીમાં સન્માનિત કરે છે.

### સ્પેક બીએસસી કોલેજમાં સંશોધન અને વૈજ્ઞાનિક અભિગમ પર સેમિનાર યોજાયો

**આણંદ |** તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપ્લાયડ સાયન્સ, બાકરોલ ખાતે "Fermenting the Life" અને "CCC" વિષયો પર વિદ્યાર્થીઓ માટે પ્રેરણાત્મક સેમિનાર યોજાયો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિઓએ વિદ્યાર્થીઓને પ્રાયોગિક ઉદાહરણો દ્વારા સંશોધન ક્ષમતા વધારવા અને આધુનિક વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આચાર્ય ડો. મુકુંદચંદ્ર ઠાકુરના માર્ગદર્શન હેઠળ આયોજિત આ સત્રમાં સંશોધન ક્ષેત્રમાં રસ ધરાવતા અનેક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલે અભિનંદન પાઠવ્યાં હતાં.




### આણંદના એએસઆઈને 'શતસુભાષિત પંડિત'ની ઉપાધિથી સન્માનિત કરાયા

**આણંદ |** આણંદના નાયબ પોલીસ અધીક્ષક કચેરીમાં કાર્યરત આસીસ્ટન્ટ સબ ઇન્સ્પેક્ટર મહેશભાઈ પરમારને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા પ્રતિષ્ઠિત 'શતસુભાષિતપંડિત'ની પદવી એનાયત કરવામાં આવી છે. સમગ્ર ગુજરાત રાજ્ય પોલીસ વિભાગ અને આણંદ જિલ્લામાંથી આ ગૌરવશાળી પદવી પ્રાપ્ત કરનાર તેઓ પ્રથમ વ્યક્તિ બનીને જિલ્લાનું અને પોલીસ વિભાગનું નામ રોશન કર્યું છે. રાજ્યના શિક્ષણ મંત્રી અને અન્ય મહાનુભાવોના હસ્તે તેમને શિલ્ડ, પ્રમાણપત્ર અને પુરસ્કાર સાથે ભવ્ય રીતે સન્માનિત કરાયાં હતાં.

